# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 23-12-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

### આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, "દેશમાં છેલ્લા દોઢ વર્ષમાં 10 લાખ યુવાનોને સરકારી નોકરી આપવામાં આવી.

2) પૂર્વ પ્રધાનમંત્રી ચૌધરી ચરણસિંહના જન્મ જયંતિની ઉજવણી નિર્મિતે ઉપરાષ્ટ્રપતિ જયદીપ ધનખડે કૃષિ એવોર્ડ અર્પણ કર્યા

3) ઉત્તરપ્રદેશના પીલીભીતમાં પોલીસે ત્રણ ખાલિસ્તાની આતંકવાદીઓ ઠાર કર્યા

4) **વૈશ્વિક સકારાત્મક સંકેતો વચ્ચે ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ**

5) **વડોદરામાં ભારતીય મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાનાએ સૌથી વધુ રન બનાવવાનો વિક્રમ સર્જ્યો**

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV DAY PM ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, "દેશમાં છેલ્લા દોઢ વર્ષમાં 10 લાખ યુવાનોને સરકારી નોકરી આપવામાં આવી છે." નવી દિલ્હીથી વર્ચ્યૂઅલ માધ્યમથી 71 હજારથી વધુ નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂકપત્ર એનાયત કરતા શ્રી મોદીએ આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, "છેલ્લા 10 વર્ષમાં દેશના વિવિધ મંત્રાલયો, વિભાગો અને સંસ્થાઓમાં સરકારી નોકરી આપવાનું અભિયાન ચાલી રહ્યું છે."

(બાઈટઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, "રોજગાર મેળા")

પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે, "સરકારે જાહેર કરેલીમેક ઇન ઇન્ડિયા, આત્મનિર્ભર ભારત અભિયાન, સ્ટાર્ટ-અપ ઇન્ડિયા, સ્ટેન્ડ-અપ ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા અને દરેક યોજના યુવાનોને કેન્દ્રમાં રાખીને બનાવવામાં આવી છે."

(બાઈટઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, "સ્ટાર્ટ-અપ")

શ્રી મોદીએ ઉમેર્યું કે, દેશના યુવાનોના કૌશલ્યનો યોગ્ય ઉપયોગ કરવો એ સરકારની પ્રાથમિકતા રહી છે. ગ્રામીણ ભારતમાં રોજગારી અને સ્વરોજગાર માટે નવી તકનું સર્જન થઈ રહ્યું છે. આ પ્રસંગે કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયના રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે, 71 હજાર નિમણૂકોમાંથી, અર્ધ-લશ્કરી દળોમાં અંદાજે 50 હજાર નિમણૂકો કરવામાં

આવી છે. જ્યારે અંદાજે 21 હજાર નિમણૂકપત્ર અન્ય પછાત વર્ગ- **OBC** સમુદાયના લોકોને વહેંચવામાં આવ્યા હતા.

(બાઈટઃ ડૉ. જિતેન્દ્રસિંહ, કેન્દ્રીય રાજ્યમંત્રી)

# VP-CHAUDHARY CHARAN SINGH AWARDS

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કૃષિ ક્ષેત્રને ગ્રામીણ વિકાસનો આધાર ગણાવતા કહ્યું કે, ગ્રામીણ પરિદ્રશ્યમાં પરિવર્તનથી વિકસિત દેશ બનવાનો માર્ગ મોકળો થશે. નવી દિલ્હીમાં કૃષિ ક્ષેત્રે ચૌધરી ચરણસિંહ પુરસ્કાર, 2024ના વિજેતાઓ સાથે સંવાદ કરતાં શ્રી ધનખડે આ મુજબ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, ખેડૂતો અને તેમના પરિવારો માર્કેટિંગ, મૂલ્યવર્ધન અને આત્મનિર્ભર બનવા ગ્રામ્ય અર્થતંત્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

ઉપરાષ્ટ્રપતિએ ચૌધરી ચરણ સિંહના ગ્રામીણ વિકાસ, ખેડૂત કલ્યાણ અને સર્વસમાવેશક વિકાસ પર ભાર મૂકતા તેમના અસાધારણ યોગદાનની પ્રશંસા કરી હતી. તેમણે સાંસદોમાં જનતા પ્રત્યે જવાબદારીની ભાવના કેળવવા હાકલ કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના નેતાઓ ચૌધરી ચરણસિંહને શ્રધ્ધાંજલિ આપી હતી.

# PILIBHIT ENCOUNTER

ઉત્તરપ્રદેશના પીલીભીતમાં પોલીસ અથડામણમાં, ત્રણ ખાલિસ્તાન સમર્થક આતંકવાદીઓ ઠાર મરાયા છે..

આજે સવારે પંજાબ અને ઉત્તરપ્રદેશ પોલીસની ટીમે સંયુક્ત કાર્યવાહીમાં આ સફળતા મળી છે. આ અથડામણમાં બે પોલીસ કર્મચારીઓ પણ ઇજાગ્રસ્ત થયા છે. પોલીસના જણાવ્યા મુજબ," ગુરવિંદર સિંહ, વીરેન્દ્ર સિંહ ઉર્ફે રવિ, જસનપ્રીત સિંહ ઉર્ફે પ્રતાપ સિંહ આ ત્રણેય આતંકીઓ પીલીભીત જિલ્લાના પુરનપુર વિસ્તારમાં સંતાયેલા હતા. તેમની ઉંમર 18 થી 25 વર્ષની છે. ત્રણેય પંજાબના રહેવાસી છે.

પોલીસનું કહેવું છે કે," આ અથડામણમાં, બે પોલીસકર્મી શાહનવાઝ અને સુમિત રાઠી ઇજાગ્રસ્ત થતાં તેમણે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.. આતંકવાદીઓ પાસે, એકે 47 મળી છે. ઘટનાની જાણ થતાં જ વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે.

# SENSEX- 1200

સકારાત્મક મિશ્ર વૈશ્વિક સંકેતોવચ્ચે સ્થાનિક બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકો, સેન્સેક્સ અને નિફ્ટી ઉછાળા સાથે કારોબાર કરી રહ્યાં છે.. શેરબજારમાં આજે તેજી સાથે સેન્સેક્સ ખુલ્યો હતો..

પ્રારંભિક તબક્કે 600 પોઈન્ટથી વધુનો ઉછાળો આવ્યો હતો. BSE સેન્સેક્સ લગભગ 816 પોઈન્ટ સુધી વધ્યો હતો.. સવારે 78 હજાર 858 પર ટ્રેડ કરી રહ્યો હતો. જ્યારે છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે નિફ્ટી 242 પોઈન્ટ્સ વધીને 23 હજાર 850 પર ટ્રેડ કરી રહ્યો હતો..

# IMD-WEATHER.RTF

હવામાન વિભાગે આજે હિમાચલપ્રદેશ, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં ઠંડીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે. આગામી બે-ત્રણ દિવસ દરમિયાન મેઘાલય, નાગાલેન્ડ, મિઝોરમ અને આસામમાં પણ આ જ સ્થિતિ પ્રવર્તે તેવી શક્યતા છે.

જ્યારે હરિયાણા, ઓડિશા, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, રાજસ્થાન અને મણિપુરમાં આજે ગાઢ ધુમ્મસ અને રાયલસીમા અને તટીય આંધ્રપ્રદેશમાં ગાજવીજ સાથે વરસાદ થવાની શક્યતા છે. ઉપરાંત દિલ્હી, ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા પણ છે.

ઉત્તરાખંડના પર્વતીય વિસ્તારમાં આજે બરફવર્ષા થવાની શક્યતા છે. હવામાન વિભાગે ત્રણ હજાર મીટરથી વધુ ઊંચાઈના

**વિસ્તારમાં બરફવર્ષા અને ખૂલ્લા વિસ્તારમાં વરસાદ થવાની સંભાવના છે.**

## PUNE DAMPERACCIDENT

મહારાષ્ટ્રના પુણે જિલ્લાના વાઘોલી ચોક વિસ્તારમાં રાત્રે ફૂટપાથ પર સૂઈ રહેલા નવ શ્રમિકોને ડમ્પરે કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ત્રણ લોકોના મોત થયા છે. મૃતકોમાં બે બાળકો પણ સામેલ છે. છ ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જેમાંથી ત્રણની હાલત નાજુક છે. પોલીસે નશામાં ધૂત ડમ્પર ચાલકની ધરપકડ કરી છે. વરિષ્ઠ પોલીસ અધિકારી હિંમત જાધવે કહ્યું હતું કે, આ દુર્ઘટના રાત્રે લગભગ એક વાગે બની હતી.

આ શ્રમિકો કામ માટે અમરાવતી જિલ્લામાંથી પુણે આવ્યા હતા. આ લોકો રવિવારે રાત્રે વાઘોલીના કેસનંદ નાકા પોલીસ સ્ટેશનની સામે સૂઈ ગયા હતા. રાત્રે 1 વાગ્યાની આસપાસ ડમ્પરે બધાને કચડી નાખ્યા હતા.

## MP GLOBAL DESTINATIONS

અમેરિકી સમાચાર પત્ર વૉલ સ્ટ્રીટ જર્નલે મધ્યપ્રદેશને વર્ષ 2025 માટે સૌથી વધુ પસંદ વૈશ્વિક ગંતવ્ય સ્થળ તરીકે માન્યતા આપી

છે, જે મધ્યપ્રદેશના સમૃદ્ધ વારસા, અદભૂત વન્યજીવ અને મનોહર પ્રાકૃતિક સૌંદર્યને દર્શાવે છે.

પ્રવાસન અને સંસ્કૃતિ વિભાગના મુખ્યસચિવ અને મધ્યપ્રદેશ પ્રવાસન બૉર્ડના વહીવટી સંચાલક શિવશેખર શુક્લાએ આનંદ વ્યક્ત કરતા જણાવ્યું કે, આ વૈશ્વિક માન્યતા પર્યટન સ્થળ તરીકે મધ્યપ્રદેશની સ્થિતિ મજબૂત કરશે. યુનેસ્કૉ વિશ્વ ધરોહર સ્થળ, ટાઈગર અનામત અને સાંસ્કૃતિક વારસાની સાથે મધ્યપ્રદેશ દરેક પ્રવાસીને અદભૂત અનુભવ આપે છે. વૉલ સ્ટ્રીટ જર્નલની માન્યતા ખાસ કરીને પ્રસિદ્ધ યુનેસ્કૉ વૈશ્વિક ધરોહર સ્થળ ખજૂરાહો, પન્ના અને બાંધવગઢના મહત્વને દર્શાવે છે.

# DELHI AQI

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં હવા ગુણવત્તા સૂચકાંક AQI સ્તરમાં કોઈ સુધારો ન થતાં આજે પણ ગંભીર સ્થિતિ જોવા મળી હતી. નેશનલ કેપિટલ રિજન (એનસીઆર)માં, 16 ડિસેમ્બરથી ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન, ગ્રેપનો ચોથો તબક્કો અમલમાં છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના જણાવ્યા અનુસાર, આજે સવારે 7:30 વાગ્યે દિલ્હીમાં સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક 403 નોંધાયો હતો. આ ગંભીર શ્રેણીમાં આવે છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મહાનગરમાં ધુમ્મસનું પાતળું પડ છવાયેલું રહ્યું છે. આજે વાદળછાયું વાતાવરણ રહેવા સાથે હળવા વરસાદની શક્યતા છે.

દિલ્હીના ઘણા વિસ્તારોમાં એકયુઆઈ સ્તર જોખમી સ્તરે પહોંચી ગયું છે. આમાં વજીરપુરમાં 464, અશોક વિહારમાં 460, મુંડકામાં 446, બુરારી ક્રોસિંગમાં 445, આનંદ વિહારમાં 443, દ્વારકા-સેક્ટર 8માં 393 અને નજફગઢમાં 372, એકયુઆઈ નોંધાયો હતો.

## SMRITI-MANDHANA-RECORD.RTF

ભારતીય ક્રિકેટર સ્મૃતિ મંધાનાએ વડોદરામાં વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ એક દિવસીય મેચમાં 91 રન ફટકારીને મહિલા ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવાનો નવો વિક્રમ બનાવ્યો છે. તેમણે વર્ષ 2024માં તમામ ફોર્મેટમાં મળીને એક હજાર 602 રન બનાવ્યાં છે.

આ સાથે સ્મૃતિ મંધાનાએ 91 રન બનાવી દક્ષિણ આફ્રિકાનાં લૌરા વોલ્વાર્ડટનો એક હજાર 509 રનનો અગાઉનો વિક્રમ તોડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ભારતે ત્રણ મેચની શ્રેણીની પ્રથમ મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે 211 રને ભવ્ય વિજય મેળવ્યો છે. આ શ્રેણીની બીજી અને ત્રીજી વન ડે મેચ વડોદરામાં આવતીકાલે અને 27 ડિસેમ્બરે રમાશે.

# BRAZIL PLANE CRUSH

દક્ષિણ બ્રાઝિલના પર્યટન નગર ગ્રેમાડોમાં, દુકાનો સાથે અથડાયા બાદ 10 મુસાફરોને લઈ જતું નાનું વિમાન ક્રેશ થયું છે. નાગરિક અને સંરક્ષણ અધિકારીઓને તમામ મુસાફરોના મોત થયા હોવાની આશંકા છે. હાલમાં ઘટનાસ્થળે બચાવ કાર્ય ચાલી રહ્યું છે.

રિયો ગ્રાન્ડે ડો સુલ રાજ્યના જાહેર સુરક્ષા કાર્યાલયના જણાવ્યા મુજબ, વિમાન પ્રથમ બિલ્ડિંગની ચીમની સાથે અથડાયું હતું અને પછી ઘરના બીજા માળે તોડીને ફર્નિચર સ્ટોર સાથે અથડાયું હતું. અકસ્માત બાદ પ્લેનનો કાટમાળ નજીકની ધર્મશાળામાં પડ્યો હતો.

વિસ્તારના અધિકારીઓએ જણાવ્યું કે, આ અકસ્માતમાં અત્યાર સુધીમાં 15 લોકોને શહેરની હોસ્પિટલમાં લઈ જવાયા છે. આમાંથી મોટા ભાગના લોકો અકસ્માત બાદ લાગેલી આગ અને ધુમાડાને કારણે ગૂંગળામણનો ભોગ બન્યાં હતાં.